ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# અષાઢી બીજે ૩૩ મી રથયાત્રા પરંપરાગત માર્ગ પર નિકળશે

ગાંધીનગર તા ૧૬

અષાઢી બીજ નજીક આવતા નગરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાના આયોજનને અનુલક્ષી ભવ્ય તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રથયાત્રાનો રથ શણગારવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં છેલ્લા ૩૨ વર્ષથી નિકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા આ વર્ષે પણ નિયત રૂટ પરથી જ પસાર થશે. રથયાત્રાના રૂટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે નિકળનારી રથયાત્રામાં હાથી ઘોડા પાલખી સાથે અનેક આકર્ષણો જોવા મળશે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૫થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ આયોજન કરવામાં આવે છે. છેલ્લા ૩૨ વર્ષથી રથયાત્રા નગરના સેકટરોમાંથી પસાર થતા સેકટરવાસીઓ પણ રથયાત્રાના સ્વાગત માટે ભવ્ય તૈયારી કરે છે. અષાઢી બીજ નજીક આવતા સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે ભગવાન જગન્નાથજીના રથને સુશોભિત કરવા

**રથયાત્રાને અનુલક્ષી રથ સુશોભનનુ કામ શરૂ : સેકટરોમાં પણ રથાયાત્રાના સ્વાગત માટે વિશેષ તૈયારી**

માટે યુવાનો કામે લાગી ગયા છે. જયારે રથયાત્રા સમિતિની બેઠકમાં પણ રથયાત્રા મહોત્સવનુ આયોજન આખરી કરી દેવાયુ છે. રથયાત્રા નિયત રૂટમાં જ સેકટરોમાંથી પસાર થશે. અલબત્ત પરંપરાગત રૂટ પરથી જ ભગવાન જગન્નાથજીની યાત્રા નિકળશે. જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે હાથી ઘોડા પાલખી સાથે નિકળનારી આ રથયાત્રામાં અનેક આકર્ષણો જોવા મળશે. ૩૧ કી મીના રૂટમાં રથયાત્રા નગરનુ પરિભ્રમણ કરશે. પંચદેવ મંદિરના યુવકો ભગવાન જગન્નાથજીનો રથ ખેંચશે. રથયાત્રા મહોત્સવને અનુલક્ષી સેકટરવાસીઓમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. ભગવાન જગન્નાથજીની પુજા અર્ચના તેમજ યાત્રાના સ્વાગત માટે સેકટરોમાં વિશેષ તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં ભાવિકો માટે ચા પાણી શરબત તેમજ નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. ગાંધીનગરમાં છેલ્લા ૩૨ વર્ષથી નિકળતી રથયાત્રા સૌથી લાંબી યાત્રા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેથી રથયાત્રાના આયોજનમાં પણ વિશેષ કાળજી રાખવાની અનિવાર્યતા હોવાથી સમિતિના આયોજકો પણ તૈયારીમાં લાગી ગયા છે.



યોગ મય ગાંધીનગર - વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે શહેરમાં સવાર-સાંજ યોગના તાલીમ વર્ગો ચાલી રહ્યા છે... શહેરની વિવિધ સંસ્થાઓ પોતાના સભ્યો માટે તાલીમ વર્ગનું આયોજન કર્યુ હતું... આ ઉપરાંત કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ યોગની તાલીમ આપી રહી છે... જૈન સમાજ 'સંગીની' સંસ્થા દ્વારા પુનિત વન ખાતે મહિલાઓ માટે યોગ તાલીમ વર્ગ યોજાયો હતો....

# સ્થાયી સમિતિના ચેરમેનના રાઉન્ડ દરમ્યાન સન્માન ન આપતા બે કર્મચારીઓ પર ચેરમેનનો રોષ ભભૂક્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન આજે મનપાની બીજા માળે આવેલ કચેરીઓમાં રાઉન્ડમાં નીકળ્યા ત્યારે બે કર્મચારીઓએ ઉભા થઈ સન્માન ના આપતા આ કર્મચારીઓને ફરજમાંથી મુકત કરવાની સૂચના તંત્રના અધિકારીઓને આપવામાં આવતાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ બીજા માળે આવેલ મિકેનીકલ બ્રાન્ચના ૨ કર્મચારીઓ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનના રાઉન્ડ દરમ્યાન ઉભા થઈ સન્માન ન આપતાં ચેરમેનશ્રીને ગુસ્સો આવ્યો હતો. તેમણે ત્યાં ને ત્યાં જ કર્મચારીઓનો ઉઘડો લઈ લીધો હતો.

આ પછી તાત્કાલિક ડે. મ્યુનિ. કમિશનર સહિતના અધિકારીઓને બોલાવી આ કર્મચારીઓને તાત્કાલિક અસરથી છુટા કરી દેવામાં આવે તેવી સૂચના આપતાં કોર્પોરેશનમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

આ બન્ને કર્મચારીઓ આઉટસોર્સીંગના કર્મચારીઓ હોવાનુ બહાર આવ્યુ છે. સ્થાયી સમિતિના ચેરમેને શિસ્ત વિષયક બાબતમાં સ્હેજ પણ નમતુ જોખવાના મૂડમાં ન હોવાનુ જાણવા મળેલ છે.

ઘટનાની વાતો પળવારમાં જ સમગ્ર શહેરમાં પણ પ્રસરી જવા પામી હતી. સ્થાયી સમિતિના ચેરમેનશ્રી દ્વારા આ બાબતે કાર્યવાહી કરી તેમને જાણ કરવાની પણ સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે.

**મહેસાણાથી ગાંધીનગર કેતન પટેલની શબયાત્રાને પગલે**

# ગોઝારીયાથી ગાંધીનગર સુધી ચાંપતો પોલીસ બંદોબસ્ત મુકાશે

### સાંજે સાડા પાંચે શબયાત્રા ગાંધીનગર પહોંચાડવાનું એલાન

### મૃતદેહ મહેસાણાની બહાર નહી નિકાળવા દેવાય : પોલીસ સૂત્ર

ગાંધીનગર, તા. ૧૬

મહેસાણાના બહુચર્ચિત કેતન પટેલ કસ્ટોડીયલ ડેથ પ્રકરણ રાજકીય રંગ પણ લઈ રહ્યો છે. કેતન પટેલ કસ્ટોડીયલ ડેથ પ્રકરણની તપાસ સીબીઆઈને સોંપવા તથા તેને ન્યાય અપાવવા મૃતદેહ હજુ સ્વિકારવામાં આવ્યો નથી. રવિવારે મહેસાણાથી ગાંધીનગર સુધી શબયાત્રા નિકાળવાનુ એલાન કરવામાં આવ્યું છે. સાંજે સાડા પાંચ વાગ્યે શબયાત્રા ગાંધીનગર પહોંચશે અને રાજભવન સામે મૃતદેહ મુકવામાં આવશે. આ કાર્યક્રમમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગોઝારીયાથી ગાંધીનગર સુધી ચાંપતો પોલીસ બંદોબસ્ત મુકવામાં આવશે. જો કે પોલીસ સૂત્રમાંથી જાણવા મળ્યુ છે કે મૃતદેહ મહેસાણાની બહાર નહીં નિકાળવા દેવાય..!

મહેસાણામાં કેતન પટેલના કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં પાટીદાર સમાજ તેને ન્યાય અપાવવા અને જવાબદારો સામે કડક પગલા લેવાની માંગ સાથે કાર્યક્રમની જાહેરાત કરી છે. રવિવાર સુધીમાં માંગ પુરી નહી થાય તો મહેસાણા સિવિલથી રવિવારે સવારે ૭ વાગે કેતન પટેલની શબયાત્રા નીકાળવામાં આવશે. રાધનપુર ચોકડી થઈ, મોઢેરા ચોકડી થઈ બી.કે. થિયેટર પરા થઈને શબયાત્રા લાખવડ, રામપુરા ચોકડી, ખેરવા, બાલવા ચોકડી, ગોઝારીયા, વાસણીયા મહાદેવ થઈને સાંજે પાંચથી સાડાપાંચ વાગ્યાના અરસામાં ગાંધીનગર ખાતે શબયાત્રા પહોંચશે. ગાંધીનગર રાજભવન કેતન પટેલનો મૃતદેહ મુકી વિરોધ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ આ શબયાત્રા માટે ૨ હજારથી વધુ પોલીસ જવાનો અધિકારીઓનો કાફલો તૈનાત કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાની મોટાભાગની પોલીસ ગોઝારીયાથી ગાંધીનગર સુધીના રૂટ પર બંદોબસ્તમાં તૈનાત રહેશે. જોકે બીજી તરફ સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે કે શબયાત્રા મહેસાણા બહાર નિકાળી શકશે નહિ.

# એસ ટી ડેપોને વેકેશન દરમિયાન ૨.૭૦ કરોડની તોતિંગ આવક

### ગત વર્ષ કરતા આવકમાં ૫૦ લાખનો વધારો છતાં મુસાફરોની સલામતી અને સુવિધાના નામે મીંડુ

ગાંધીનગર તા ૧૬

ઉનાળાની ગરમીના વેકેશન દરમિયાન સલામત સવારી એસ ટી અમારીએ વિશેષ આવક કરી છે. ગરમીની રજાઓમાં શહેરી બસ સેવા ઉપરાંત બહાર ગામના મુસાફરો માટે ઓનલાઈન બુકીંગ સહીતની સેવાને અનુલક્ષી રૂ ૨.૭૦ કરોડની આવક કરી છે. ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી તંત્રએ ૫૦ લાખ વધુ રળ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ઉનાળુ વેકેશન દરમિયાન શાળા કોલેજોમાં રજા હોવાની સાથે કર્મચારીઓ પણ છુટ્ટી લેઈને પરિવારજનો સાથે પ્રવાસ પર જતા હોય છે. જયારે આ સમયગાળા દરમિયાન એસ ટી બસ સેવાનો પણ વિશેષ ઉપયોગ કરવાનુ પસંદ કરે છે. વેકેશન દરમિયાન એસ ટી તંત્ર દ્વારા પણ મુસાફરોને કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તે માટે વિશેષ આયોજન કરી બસના રૂટની ગોઠવણ કરવામાં આવે છે. ત્યારે ગરમીની ઋતુમાં એસ ટી બસમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. ગત વેકેશન દરમિયાન પણ એસ ટી ડેપોએ શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટમાં દોડતી બસ સેવાને અનુલક્ષી વિશેષ નફો રળ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. વેકેશન દરમિયાન એસ ટી બસ સેવાના આધારે ડેપોએ રૂ ૨.૭૦ કરોડની આવક કરી છે. જયારે આ આવકનો આંકડો ગત વર્ષ કરતા નોંધપાત્ર રીતે વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષે એસ ટી ડેપોએ રૂ ૨.૨૦ કરોડની આવક કરી હતી. જયારે આ વર્ષે આવકમાં રૂ ૫૦ લાખનો વધારો થયો છે. ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાનુ સ્વપ્ન હજુ સાકાર થયુ નથી. જયારે ડેપો કક્ષાએ મુસાફરાને લગતી જરૂરી સુવિધાઓ પણ ઉભી કરી શકાઈ નથી. જેના લીધે રોજબરોજ અવરજવર કરતા અપડાઉનકર્તાઓમાં પણ રોષ પ્રવર્તયો છે. જયારે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી માટે પોલીસ ચોકી પણ હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. જેના લીધે વખતોવખત મુસાફરો તસ્કરી વૃતિનો ભોગ બને છે. મુસાફરોના લીધે બે ખોબે નફો રળતા એસ ટી તંત્રએ એસ ટીમાં સવારી કરતા નાગરિકોને યોગ્ય સુવિધા અને સલામતી પુરી પાડવા માટે સતત નિરસતા સેવી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. મુસાફરો થકી તોતિંગ આવક કરતા એસ ટી તંત્રએ તેમની સલામતીને ધ્યાને લઈ જરૂરી પગલા લેવા જોઈએ તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સ્વસ્થ જીવન-સમાજની રચના માટે મેલેરિયા નિર્મૂલન પ્રથમ પગલુ છે : દેવાંગ દેસાઈ

ગાંધીનગર, તા. ૧૬

મેલેરિયા નિર્મૂલન એ ગુજરાત માટે મોટો પડકાર જરૂર છે પણ પડકારને અવસરમાં પરિવર્તીત કરી સફળતાને વરવુ એ ગુજરાતની ઓળખ છે. ગુજરાત હંમેશા સહિયારા પુરૂષાર્થથી પડકારને અવસરમાં પરિવર્તીત કરવા માટે જાણીતુ બન્યુ છે.

મેલેરિયા નિર્મૂલન એ માત્ર રોગ નાબુદી અભિયાન નથી પરંતુ સ્વસ્થ જીવન સ્વસ્થ સમાજની રચનાના અભિયાનનું પ્રથમ મહત્વનું પગથિયુ છે તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે ગાંધીનગર તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોની શિબિરને સંબોધતાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે દરેક વિભાગ અને દરેક કર્મચારી આ અભિયાન માટેના વાહકો છે. આ જનજાગરણ અભિયાન સ્વસ્થ


**વિભાગો વચ્ચે સુયોગ્ય સંકલનમાં રહી અને તંત્ર આગળ વધી રહ્યુ છે ત્યારે શિક્ષકોની જવાબદારી વધુ છે**

જીવન માટેનુ છે. માત્ર આરોગ્ય તંત્ર જ નહિ પણ બધા જ સમાજ અને બધાજ નાગરિકોને આમાં જોડવાનું કામ આપણે કરવાનુ છે.

તેમણે કહ્યુ કે મચ્છરોની ઉત્પત્તિ ના થાય તે માટે સ્વચ્છતા જાળવવાની ટેવ પ્રાથમિક શિક્ષણથી જ બાળકને શીખવશુ તો સ્વચ્છતા મિશનની સાથે સાથે સ્વસ્થ જીવનની મહત્વની બાબતો આપણે બાળકને શીખવી સ્વસ્થ જીવન સ્વસ્થ સમાજની રચના તરફ ગતિ કરીશુ.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે મેલેરિયા ફેલાવતો મચ્છર તેના જીવનકાળમાં ત્રણવાર ઈંડા મુકે છે તેવુ મેડીકલ સાયન્સનું માનવુ છે. તે એક સાથે ૧૨૫ જેટલા ઈંડા મુકતો હોય છે. તો ત્રણવાર ગણીએ તો ૨૭૫ મચ્છર થાય આમ

● અનુસંધાન પાન-૭ પર




# ગાંધીનગર તાલુકાના સરપંચો સંગઠ્ઠન બનાવી પ્રશ્નો માટે લડત આપશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના સરપંચો હવે સંગઠિત બની અને સરપંચોના અધિકારો અંગે લડત આપશે.

ગાંધીનગર તાલુકાના સરપંચોના સંગઠ્ઠનની રચના માટે આગામી ૨૨મી જૂને પંચાયત પરિષદ ખાતે સરપંચોની એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ બેઠકમાં ખાસ કરીને તાજેતરમાં પંચાયત અધિનિયમમાં કરાયેલા સુધારાઓથી સરપંચોની સત્તા સમિતિ કરવાના પ્રયાસોને લઈ ચર્ચાઓ કરાશે તેમજ સંગઠ્ઠનની રચના અંગે નિર્ણય લેવામાં આવશે. આ પછી સંગઠ્ઠન દ્વારા સરકારમાં રજુઆતો કરવામાં આવશે.

આ બેઠકમાં સરપંચના અધિકારો અંગે પણ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવશે. આ બેઠકનુ આયોજન સરપંચ ચંદ્રાલા, સરપંચ-પોર અને ઉવારસદ સરપંચ કરી રહ્યા છે.

## ગાંધીજીના જીવનને સાંકળતી આસ્થા ટ્રેનનું આજે પ્રસ્થાન

અમદાવાદ, તા.૧૬

સત્યાગ્રહ આશ્રમ (સાબરમતી આશ્રમ)ની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરુપે આઈઆરસીટીસી દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જીવન યાત્રા સાથે સંકળાયેલા અગત્યના સ્થળોને આવરી લેતી આસ્થા સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેનને દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આસ્થા સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેન (ગાંધી દર્શન)ને મુખ્યમંત્રી વિજય રૂપાણી સાબરમતી રેલવે સ્ટેશન અમદાવાદ ખાતેથી આવતીકાલે ૧૭મી જૂન ૨૦૧૭ના રોજ શનિવારે સવારે ૮.૦૦ કલાકે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. ગાંધીજીના જીવનમૂલ્યો લોકો જો અને સમજે તે હેતુથી કેન્દ્ર સરકારના રેલવે વિભાગ દ્વારા ગાંધી દર્શન ટ્રેન દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરમતી-સત્યાગ્રહ આશ્રમથી પંચારણ્ય સત્યાગ્રહની સમગ્ર ઐતિહાસિક તવારીખ અને આઝાદી સંગ્રામ સાથે સંકળાયેલા દર્શનીય સ્થાનોને આ ટ્રેન ૯ દિવસ ૧૦ રાત્રીના પ્રવાસ રુટ દરમિયાન સાંકળી લેવાની છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com